**-: હુકમ:-**

(૧) કેસનું રેકર્ડ વંચાણે લીધું. આ કામે વાદી ધ્વારા હાલનો દાવો ડેકલેરેશન કાયમી મનાઈ હુકમના દાવા તા. ૧૫/૦૩/૨૦૨૫ ના રોજ દાખલ કરવામા આવેલો. તેમાં પ્રોસેસની બજવણી થતા આ કામે પ્રતિવાદી નં. ૧ના ઓ હાજર થયેલ તથા દાવાનો જવાબ આપેલ અને પ્રતિવાદી નં. ૨ તરફે આંક-૧૫થી એ.ડી.જી.પી. દવારા વી.પી. મુકવામાં આવેલુ અને તેઓને ડીલીટ કરવા માટેની આંક-૧૬ની અરજી કરવામાં આવેલી અને જે અરજી મારા પુરોગામી ન્યાયાધીશ દવારા નામંજુર કરવાનો હુકમ કરવામાં આવેલો.

(૨) ત્યારબાદ સદર કામમાં આંક-૫ ની મનાઈહુકમની અરજી મારા પુરોગામી ન્યાયધીશ દવારા નામંજુર કરવામાં આવેલી અને તા. ૨૬/૦૬/૨૦૨૫ના રોજ મુદ્દા ફ્રેમ કરવામાં આવેલા અને ત્યાથી સદર કામ વાદીના પુરાવા પર રહેલુ જેમા સદર કામમાં જુદી જુદી તારીખોએ વાદીના વકીલશ્રી દવારા મુદત રિપોર્ટ રજુ કરવામાં આવેલા જે અત્રેની કોર્ટ દવારા મંજુર કરવામાં આવેલા અને વાદીને પુરાવો રજુ કરવા માટે પુરતી તકો આપવામાં આવેલી તેમ છતા મુદ્દા ઘડાયા બાદ આશરે સાત જેટલી મુદતો પુરાવો રજુ કરવા માટે આપવામાં આવેલી અને આજરોજ પ્રતિવાદીના વકીલશ્રી દવારા વાદીનો દાવો ડીસમીસ કરવા માટે અરજી આપેલી છે જેમાં આ કામના વાદીના વકીલશ્રી હાજર રહેવા છતા કોઈ રિપોર્ટ આપેલ નથી. જયારે તેઓને પુછતા હાલના કામમાં છુટા થયેલા હોવાનુ જણાવેલ છે.

આ કામમાં આગામી તારીખે વાદીના વકીલશ્રી દવારા મુદત રિપોર્ટ આપેલ જયારે આજરોજ તેઓ દવારા નો ઈન્સ્ટ્રકશન હોવાનુ જણાવેલ છે જેથી જેથી સદર કામે વાદીને પુરતી અને વ્યાજબી તકો આપવા છતા હાજર રહેલા નથી જેથી વાદીનો હાલનો દાવો ચલાવવા માટે કોઈ રસ નથી તેવુ ફલીત થાય છે. જે સંજોગોમાં કેસની કાર્યવાહીમાં પુરાવો રજુ ન કરવાના કારણે ડીસમીસ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૨ મી એપ્રિલ સને ૨૦૨૬ નાં રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા: ૨૨/૦૪/૨૦૨૬ (એ.એ.શેખ)
સ્થળ. દ્વારકા. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ ,દ્વારકા.
કોડ નં. જીજે.૦૧૧૬૩